C ૯૨

ણામૂર્તિ બાલ-સાહિત્યમાળા

ંપાદનઃ ગિજુભાઈ • તારાબેન

૨૪૪

# ાળકોનો બીરબલ-૨

1600101



# બાળકોનો બીરબલ

## ભાગ બીજો

---

## આકીન બડા કે દેવ?

બાદશાહ અને બીરબલ બેઠા હતા. વાત કરતાં વાત નીકળી.

બાદશાહ કહે : "બીરબલ! સબ સે બડા દેવ. દેવ જે ચાહે તે કરે. દેવ જો ત્રૂઠે તો માણસને ન્યાલ કરે; દેવ જો રૂઠે તો માણસનું નખોદ કાઢે. સબ સે બડા દેવ."

બીરબલ હસીને કહે : "નહિ જનાબ! સબ સે બડા દેવ નહિ; સબ સે બડા આકીન હૈ.

---

આકીન=આસ્થા, શ્રદ્ધા
રૂઠવું=ગુસ્સે થવું
ત્રઠવું=રાજી થવું
ન્યાલ=પૈસાથી ભરપૂર

દેવ તો ગમે તે હોય ને ગમે તેવા હોય; જો આકીન હોય તો ફળે; આકીન હોય તો દેવ ત્રૂઠે ને આકીન ન હોય તો દેવ રૂઠે. દેવનું કંઈ નથી; ખરી વાત તો આકીનની છે.”

બાદશાહ કહે : “ બીરબલ ! એ વાત જૂઠી છે. દેવ પહેલાં, ઔર આકીન પછી. દેવથી આકીન ફળે; આકીનથી દેવ નહિ.”

બીરબલ કહે : “ ઠીક છે નામદાર ! કોઈ વાર દેખાડીશ.”

બાદશાહ તો વાત ભૂલી ગયો ને ચારછ માસ વીતી ગયા. એટલામાં બાદશાહનો શાહજાદો માંદો પડ્યો.

મંદવાડ એવો ચીકણો નીકળ્યો કે દિવસે દિવસે વધતો ચાલ્યો. બાદશાહને ત્યાં શાની ખોટ હોય? વૈદહકીમો તો હાજર ને હાજર હતા; પણ રોગ જ કંઇક એવો કે એમની કારી ફાવે જ નહિ.

બાદશાહે દેવદેવીની માનતાઓ આદરી.

કારી=કળા; ચતુરાઈ

પણ તેમાં ય કાંઈ વળ્યું નહિ.

શાહજાદો તો વધારે ને વધારે માંદો પડતો ચાલ્યો.

બીરબલને પેલી જૂની વાત યાદ આવી.

ચાલ ને, જોઉં ને અજમાયશ તો કરું? ભગવાનને કરવું હશે ને બાદશાહનો વિશ્વાસ અડગ હશે તો વખતે શાહજાદો સાજો થઈ જાય!

બીરબલે એક ગધેડો મરાવ્યો ને તેને દાટ્યો. ઉપર એક સુંદર મજાની દરગાહ કરી ને 'ગધ્ધા પીર' નામ પાડ્યું.

લોકો તો ગધ્ધા પીરે આવવા માંડ્યા ને માનતા ઉપર માનતા વધવા લાગી.

આકીન ખરું ના, એટલે જાણે કે કોઈ સાજું થાય તો સૌ માને કે એ તો ગધ્ધા પીરે કર્યું, ને કોઈ સાજું ન થાય તો જેવાં પોતાનાં નસીબ, એમ તો માને જ.

ગામમાં તો ગધ્ધા પીરની વાતો થવા લાગી. ને એમ કરતાં બાદશાહને કાને વાત ગઈ. બાદશાહ બીરબલને કહે: "બીરબલ! યે કૌન હૈ?"

બીરબલ કહે : “ જનાબ ! એક નવા પીર નીકળ્યા છે. લોકોને એના ઉપર બહુ આસ્થા છે. કહે છે કે પીર હાજરાહજૂર છે. ”

બાદશાહ કહે : “ તો ચાલો આપણે પણ શાહજાદા માટે માનતા માનીએ. ”

બાદશાહ અને બીરબલ ગધ્ધા પીરે ગયા.

બાદશાહે પીર ફરતા સાત ફેરા ફરી માનતા કરી : “ હે ગધ્ધા પીર ! જો મારો શાહજાદો આઠ દિવસમાં સાજો થશે તો તમારી દરગાહ સોને મઢાવીશ. ”

બાદશાહ અને બીરબલ ત્યાં ગયા.

બાદશાહ કહે : “ બીરબલ ! આજે મન હળવું લાગે છે. જરૂર આપણી માનતા ફળશે. ”

બીરબલ કહે : “ ગધ્ધા પીરનું સાચ જ એવું કહેવાય છે. એ તો તમારી આસ્થા છે તો ફળવાની જ. ”

આઠ દિવસ ગયા ને બનવા કાળે બનવું છે, તે શાહજાદાને વળતાં પાણી થયાં. ને થોડા વખતમાં તો શાહજાદો સાવ સાજો થઈ ગયો.

ગધ્ધા પીર પર બાદશાહની તો એવી શ્રદ્ધા ચોંટી કે રોજ દિવસમાં બે વાર જાય ને પગે લાગે. ફૂલ જાતે જ ચડાવે ને ધૂપ પણ કરે.

ને બાદશાહ ગધ્ધા પીરને પૂજે એટલે તો આખું શહેર ઊમટ્યું. માનતા ઉપર માનતા ચાલી જ આવે!

બાદશાહ કહે : " બીરબલ ! આજે શાહેજાદાને માથે પાણી નાખીએ; ને આજે જ પીરને સોનાથી મઢાવીએ."

બીરબલ કહે : "ભલે નામદાર!"

બાદશાહ અને બીરબલ તથા અમીરો અને ઉમરાવો ગાજતેવાજતે પીર પાસે આવ્યા.

ભારે મોટી કિંમતનું દરગાહ ઉપર મૂકવાનું સોનાનું ખોળું બનાવ્યું હતું. શાહજાદાને હાથી પર બેસાર્યો હતો અને સાથે પેલું ખોળું હતું.

આખા શહેરમાં આજે મોટો ઉત્સવ હતો અને ગધ્ધા પીરની આજુબાજુ લાખો

ઊમટ્યું =ચાલી નીકળ્યું

માણસો ભેગા થયા હતા.

મોટા મોટા ઓલિયા અને ફકીર પીર પાસે નમાજ પઢતા બેઠા હતા. અખંડ ધૂપ સળગી રહ્યો હતો.

બાદશાહે હુકમ કર્યો: "બીરબલ! હવે આ ખોળું પીર સાહેબને ચડાવો. આપણા શાહજાદા પોતે જ ચડાવે."

બીરબલ કહે: "સબૂર નામદાર! આ ફકીર કંઈ કહેવા માગે છે."

એક ફકીર ધૂણતો હતો. જાણે કે પીર એની સરમાં આવ્યા હતા. બીરબલની એમાં પેરવી હતી. ફકીર ધૂણતો ધૂણતો કહેતો હતો: "પીર સાહેબ કહે છે કે દરગાહ ખોદો. દરગાહ ઉપર સોનાનું ખોળું નહિ પણ મારા ઉપર જ મૂકો. હું પોતે અંદર છું. ખોદીને બહાર કાઢો."

બાદશાહને ચમત્કાર લાગ્યો. એ તો ઊલટો હરખાયો. એના મનને થયું કે મારાં ધન્ય ભાગ્ય કે પીર સાહેબ પોતે જ મારી માનતા લેશે.

તુરત જ હુકમ થયો ને દરગાહ ખોદવા

માંડી. ફરીરો આકાશ સુધી ચડે તેવો ધૂપ કરવા લાગ્યા.

ખોદતાં ખોદતાં શું દેખાયું ?

ખોદનાર જરા ચમક્યા. બાદશાહે કહ્યું : " ખોદો; ઝટ ખોદો ! પણ સંભાળીને ખોદો. પીર સાહેબને વખતે લાગી જાય. "

બીરબલે કહ્યું : " જે નીકળે તે ઉપર લ્યો. સંભાળીને લેજો. જરા યે આંચ ન આવે. "

બાદશાહ અને આખી મેદની પીર સાહેબના દર્શન કરવાને આતુર હતી. હજારોના હાથમાં હાર અને ફૂલ હતાં. ધૂપ વધારે ને વધારે સળગ્યો હતો.

જે નીકળ્યું તે દોરડાં બાંધી ઉપર આણ્યું.

બાદશાહ પાછા વળી ગયા : ચારે બાજુ દુર્ગંધ, દુર્ગંધ ! ' પીર સાહેબ, પીર સાહેબ ! ની બૂમો પડી ન પડી ત્યાં તો આખી મેદની ચૂપચાપ થઈ ગઈ. આ શું ?

પીરની દરગાહમાંથી ગધેડું !

બાદશાહ વિચારમાં પડી ગયા. ગુસ્સામાં આવી ગયા. કહે : " ઐસા પીર નહિ હો સકતા.

આવા પીરને નહિ નમાય. ચાલો, પાછા ચાલો. સોનાનું ખોળું લઈને પાછા ચાલો."

બીરબલ કહે : "એ જ મોટા પીર છે. એ જ સબ સે બડા દેવ છે, કારણ કે એમાં તમારી આસ્થા હતી, એમાં તમારું આકીન હતું. એને જ હવે તો સોનાનું ખોળું ચડાવો."

બાદશાહને બીરબલ સાથે થયેલી વાત યાદ આવી હસી પડ્યો.

તે કહે : "બીરબલ ! તું બડો ચતુર છે. તારી વાત સાચી છે. ખરો ને મોટો દેવ તો આસ્થા છે. બાકી બધા પથરા! જો ને, ગધેડાને પણ તેં મોટો દેવ કરી બતાવ્યો !"

બીરબલ કહે : "સાહેબ! આકીનની વાત એવી છે. આપ નામદારને એવું આકીન હતું."

# ચોર પકડયો

દિલ્હી શહેરમાં એક શેઠને ત્યાં જબરજસ્ત ચોરી થઈ.

તપાસ તો ઘણી થઈ પણ ચોરનો પત્તો ન મળે.

" આવડી મોટી ચોરી ને ચોરનો પત્તો નહિ ! " રાજ આખામાં વાતો થવા લાગી.

અકબરશાહને કાને વાત પહોંચી. તેના મનને ખોટું લાગ્યું. " આવડો મોટો હું શાહ; આવડું મોટું મારું રાજ; આટલી મોટી મારી પોલીસ, ને ચોર ન પકડાય ? "

કચેરી ભરાઈ ને બાદશાહે બીરબલને પૂછ્યું : " બીરબલ ! આ ચોરી હજી કેમ પકડાતી નથી ? "

"હજૂર! પોલીસ સરદારને માલૂમ!"

બાદશાહે પોલીસ સરદારને ફરમાન કર્યું: "આઠ દિવસમાં ચોરને પકડી હાજર કરો. નહિ કરો તો ઘાણીએ ઘાલી તેલ કાઢશું."

કચેરી બરખાસ્ત થઈ. અમીરઉમરાવો સૌને ઘેર ગયા.

પણ પોલીસ અમલદાર મૂંઝાયો. ચોર ક્યાંથી કાઢવો? ને આઠ દિવસ પછી મોત તો ઊભું જ છે!

ઘણી મહેનત કરી, ઘણી મહેનત કરી, પણ ક્યાંઈ પત્તો જ ન મળે!

છેલ્લો દિવસ આવ્યો. પોલીસ અમલદાર ખૂબ મૂંઝાયો: "થઈ રહ્યું; આવતી કાલે હવે મોત આવ્યું!"

અમલદાર મૂંઝાઈને ખાટલા પર પડ્યો હતો. દીકરીએ કહ્યું: "બાપુ! બીરબલને પૂછો ને? બીરબલ ચતુર છે, એ રસ્તો બતાવશે."

પોલીસ અમલદાર બીરબલ પાસે આવ્યો.

બીરબલે વાત સાંભળી લીધી. "ઠીક છે,

કાલે સવારે આવજો. ખુદા મહેરબાન તો ચોર જરૂર પકડાશે."

અમલદાર વિચાર કરતો કરતો ઘેર ગયો.

બીરબલ ઊઠી શેઠિયાને ઘેર ગયો. ઘરની બધી સ્થિતિ જોઈ લીધી; બધી તજવીજ કરી લીધી. શેઠને કહી દીધું : "સાંજે આપના ચારે નોકરોને મારે ત્યાં મોકલજો."

સાંજે શેઠના ચારે નોકરો બીરબલને ત્યાં હાજર થયા. બીરબલે સામે બેસારી ચારેની શિક્કલો જોઈ લીધી. તેણે ચાર લાકડી કાઢી ને દરેકને એક એક આપીને કહ્યું : "તમારે આજની રાત અહીં સૂવાનું છે. ચારે જણા માટે ચાર ઓરડીઓ જુદી જુદી છે. આ એક એક લાકડી આપું છું તે ઓશીકે રાખી સૂવાનું છે. આ લાકડીની ખૂબી એવી છે કે જેને ચોરીની ખબર હશે તેની લાકડી ચાર આંગળ વધશે; ને જે ચોરીની વાતમાં જાણતો જ નહિ હોય તેની લાકડી એટલી ને એટલી જ લાંબી રહેશે."

શિક્કલ=ચહેરો; ઢંગ

ચારે નોકરો પોતપોતાની ઓરડીમાં ગયા; ને ઓશીકે લાકડી મૂકી સૂતા.

ત્રણ નોકરો તો સૂતાંવેંત ઊંઘી ગયા. તેઓ ચોરીની વાતમાં કશું જાણતા ન હતા; તેમને મન કશાની ચિંતા પણ ન હતી. પણ એક નોકરને કેમે કરી ઊંઘ આવે નહિ. વારે વારે હાથમાં લાકડી લે ને વિચાર કરે: "શું કરું? સવાર પડશે ને ચાર આંગળ વધી જશે! તો તો પકડાઈ જ જાઉં ના? હવે શું થાય?"

ત્યાં એક વિચાર સૂઝયો. ચારે કોર આંખ ફેરલી. બીરબલે દરેક ઓરડામાં એક સારું એવું ચપ્પુ મૂકી જ રાખ્યું હતું. નોકરે તે ઉપાડયું, લાકડી ઉપર ચાર આંગળ ભરી કાપો કર્યો, ને ચપ્પુ વડે ચાર આંગળ જેટલી લાકડી કાપી નાખી. પછી લાકડી ઘસી કારની પહેલાંની જેમ જ ટોપકું જેવું મેલું ને વપરાયેલું હતું તેવું કરી નાખ્યું ને મનમાં બોલ્યો: "હાશ! હવે ફિકર નહિ. હવે ભલે ને ચાર આંગળ વધે! વધશે એટલી તો કાપી છે એટલે સવારે તો સરખી જ રહેશે."

ત્યાર પછી તે સૂતો ને નિરાંતે સવાર સુધી ઊંઘી રહ્યો.

બધા નોકરો ઊઠે તે પહેલાં જ બીરબલે ઓરડીઓનાં બારણાં ઉઘડાવ્યાં ને નોકરોને લાકડીઓ લઈ હાજર થવા કહ્યું.

ચારે જણા પોતપોતાની લાકડીઓ લઈને હાજર થયા.

ત્રણના મનમાં તો ચિંતા જ ન હતી. ચોથાને પણ હતું કે લાકડી તો એટલી ને એટલી જ રહેવાની છે!

ત્રણ નોકરોની લાકડી જોવાઈ ગઈ; ત્રણે જણને રજા આપી દીધી. ચોથાની લાકડી લીધી પણ તે તો ચાર આંગળ ટૂંકી નીકળી!

બીરબલે તે માપી ને ચોથા નોકરે તે જોઈ. તે તો સજ્જડ જ થઈ ગયો!

તે કહે: "સાહેબ! હું જાણતો નથી કે એ કેમ ઓછી થઈ. સાહેબ! હું તો ઓશીકે રાખીને સૂઈ જ ગયો હતો."

પણ ત્યાં તો પોલીસ અમલદાર ને એનો કોરડો હાજર હતા.

એક ઘડીકમાં નોકર બધું માની ગયો ને ચોરાઉ માલ રજૂ કર્યો.

પોલીસ અમલદારે બીરબલનો આભાર માન્યો. શેઠનો માલ પાછો મળ્યો, અને બાદ-શાહને પણ આનંદ થયો.

## વાણિયા મગનું નામ પાડે નહિ

કચેરી ભરાઈ હતી. બાદશાહ અને બીરબલ બેઠા હતા.

બાદશાહના મનમાં તુક્કો આવ્યો ને બીરબલને પૂછ્યું : "અબે બીરબલ! કોનસી જાત સબ સે ચતુર?"

બીરબલ કહે: "જનાબ! બનિયે કી જાત સબ સે ચતુર હૈ."

બાદશાહ કહે: "બીરબલ તુમ ભી બડા ગમાર હો. દેખો તો બનિયે કી શિકકલ? કૈસી ગમાર જેસી દિખતી હૈ!"

બીરબલ કહે: "સાહેબ! પારખાં કરવાં હોય તો કરી બતાવું."

બાદશાહ કહે: "અચ્છા, કરી બતાવ."

બીરબલે લાગલા જ એક મણ મગ બજાર-

માંથી મગાવ્યા ને કચેરી વચ્ચે એનો ઢગલો કરાવ્યો. સિપાઈઓ મોકલીને ગામમાંથી પાંચ વાણિયાને પણ બોલાવ્યા.

તલકચંદ, મલુકચંદ, જગાશા, લખમશા ને દેવાશા આવી પહોંચ્યા.

વાણિયા અંદર આવ્યા એટલે બીરબલે તેમને પેલા મગનો ઢગલો બતાવ્યો ને પૂછ્યું:

"દેખો, શેઠિયાઓ! આ શું પડ્યું છે?"

વાણિયા મનમાં વિચાર કરવા લાગ્યા.

એક કહે: "માળું, આ છે તો ચોખ્ખા મગ ને એનું નામ કેમ પૂછતા હશે?"

બીજો કહે: "કંઈક ઊંડો ભેદ હોવો જોઈએ. મગનું નામ તો સૌને આવડે. રા'ને ય આવડે ને રંકને ય આવડે."

ત્રીજો કહે: "ક્યાંક બાદશાહ સલામત રૂઠ્યા ન હોય! બિચારા વાણિયાઓને વાંકમાં લાવવા હોય તો!"

ચોથો કહે: "કોણ જાણે, ભાઈ! વખતે આ બીરબલનાં કામ હોય તો!"

પાંચમો કહે : "હવે એમાં ચૂંથણાં શાં કરવાં'તાં? આપણે એમ કરો ને કે ગમે તેમ થાય પણ મગનું નામ ન પાડવું."

બીરબલ કહે : "કાં અણે બનિયે ! શો વિચાર કરો છો? કહી દ્યો ને ઝટ કે આ શું પડેલું છે?"

એક કહે : "અરે, આ તો છે કાંઈક. કાંઈક છે તો ખરું."

બીજો કહે : "માળું કાંઈક છે તો ખરું. ગોળ ગોળ તો લાગે છે. વખતે કાંઈક અનાજ ન હોય."

ત્રીજો કહે : "હોય હોય, એ પણ હોય. હું હું, આ તો કંઈક કઠોળ લાગે છે. શું નામ? કંઈક છે તો ખરું."

ચોથો કહે : "આ તો મરી જેવા દાણા છે. ભલા અડદ તો નહિ હોય?"

પાંચમો કહે : "જોવા તો દ્યો? ને કાંઈક વિચાર કરીને તો કહો? અરે! આ તો પેલું છે. શું માળું સાંભરતું નથી. અં...."

બાદશાહ અધીરો થઈ ગયો. ગુસ્સામાં આવી કહે : "ક્યા, સબ બનિયે તુંમ અંધે હો ગયે ? દેખતે નહિ હો કે યે તો મગ હૈ ?"

બધા વાણિયા કહે : "હા શા'બ, હા શા'બ! એ જ, એ જ. આપ બોલ્યા એ જ!"

બીરબલ કહે : "શું નામ ?"

વાણિયા કહે : "શા'બ! બાદશાહ સલામતે કહ્યું એ જ નામ. બીજું નામ વળી કેવું હોય!"

બીરબલ કહે : "પણ તમે કહો, બાદશાહ સલામતે કયું નામ લીધું ?"

વાણિયા કહે: "કયું નામ લીધું? બાદશાહે હમણાં કહ્યું તો ખરું. એ જ, એ જ તો! એ તો....અરે યાદ નથી આવતું. બાદશાહ સલામતને કહો કે પોતે બોલે એટલે યાદ આવે."

બાદશાહ વાણિયાના બોલ સાંભળી ખડખડાટ હસી પડ્યો.

વાણિયાને બાદશાહે સરપાવ આપી વિદાય કર્યાં ને બીરબલને શાબાશી આપી.

# હાજર સો હથિયાર

અકબર અને બીરબલ બેઠા હતા. હથિયારોની વાતો કરતા હતા. ત્યાં બાદશાહ કહે: "ખંજર હથિયાર સારું."

ખાન બહાદુર કહે: "સાહેબ! તલવાર સબ સે અચ્છી."

ઇમામ સાહેબ કહે: "નહિ જનાબ! સબ સે અચ્છા હથિયાર જમૈયા."

બધા જ જુદાં જુદાં હથિયારોનાં વખાણ કરતા હતા.

બીરબલ બેઠો બેઠો સાંભળતો હતો.

બાદશાહ આસ્તેથી કહે: "બીરબલ! બોલ તેરા મત ક્યા હૈ? કૌનસા હથિયાર સબ સે અચ્છા?"

બીરબલ કહે: "જહાંપનાહ! હાજર સો હથિયાર. જે હથિયાર વખત પર કામ લાગી

જાય તે સાચું હથિયાર."

સૌ ચૂપ થઈ સાંભળી રહ્યા.

બાદશાહ કહે: "બીરબલ! કોઈ વખત બતાવવું પડશે."

બીરબલ કહે: "જી, જનાબ!"

ઘણા દિવસો ચાલ્યા ગયેલા. ઉપલી વાત પણ ભુલાય ગયેલી.

એક વાર બાદશાહ અને બીરબલ અગાશીમાં બેઠા હતા. સાંજનો વખત હતો. વાતચીત ચાલતી હતી. નીચે બૂમરાણ સંભળાયું: હાથી છૂટયો છે, હાથી છૂટયો છે! ગાંડો થઈ ગયો છે, ગાંડો થઈ ગયો છે! પકડો રે પકડો!"

મોઢા આગળ હાથી ને પાછળ માવતો ને કેટલા યે હથિયાબંધ માણસો. આમથી ને તેમથી કેટલા યે ઉપાયો કરે પણ હાથી કેમે કરી કબજે ન થાય.

બાદશાહ અને બીરબલે સામેથી હાથીને આવતો જોયો.

હાથી ગાંડોતૂર હતો. બાદશાહ અને બીરબલ જોઈ રહ્યા. હવે શું થાય?

સામેથી એક મલ્લ આવતો હતો. હતો કતડિયા જેવો; મોટા મોટા સાથળ ને જાડાં એવાં બાવડાં.

હાથીને એણે જોયો. હાથમાં હથિયાર તો નહોતું. હાથી પણ ગાંડો હતો; એક પળમાં છૂંદી નાખે.

પણ મલ્લને કંઈક સૂઝ્યું. કૂતરું દોડ્યું જતું હતું. પગ પકડીને ઉપાડ્યું ને ફેરવીને ફેંક્યું.

'ડાઉ, ડાઉ, ડાઉ!' કરતું કૂતરું ગાંડા હાથીના માથા સાથે અફળાયું ને પેચાઈ ગયું.

હાથી પણ ગભરાયો. તેને થયું: "હાય હાય! આ શું થયું?" એ તો બીનો બીનો તે એવો બીનો, કે પાછે પગે ભાગ્યો ને હાથીથાનમાં જઈ ઊભો રહ્યો.

બાદશાહ અને બીરબલે આ જોયું.

બાદશાહ કહે: "બીરબલ! ખરેખર, તારી વાત સાચી પડી. હાજર એ જ હથિયાર છે."

બીરબલ હસી રહ્યો.

## બીરબલ

મોટા મેદાનમાં બહુરૂપીના ખેલો ચાલી રહ્યા હતા. મોટી મેદની મળી હતી. દિલ્હીનો ધણી બાદશાહ અકબર મોટું સિંહાસન નાખી જોતો હતો. આજુબાજુ અમીરઉમરાવો હતા.

ખેલો એક પછી એક થતા હતા. વાહ-વાહ અને શાબાશના પોકારો વારે વારે ઊઠતા હતા. દરેક સારા ખેલે બાદશાહ બહુરૂપીને ઇનામ આપતા હતા.

બહુરૂપી બળદનો વેશ લાવ્યો. આબાદ બળદ જેવો જ બળદ. બળદ જેવડો ઊંચો, બળદનાં શીંગડાં, બળદની ખરીઓ, બળદનું ચામડું ને બળદનું જ પૂંછડું. એ તો ઠીક; પણ બળદ જેવી જ ચાલ ને બળદ જેવો જ અવાજ; બળદ જેમ જ ઊભા રહેવું ને બળદ જેમ જ બેસવું !

જોનારા ખુશ ખુશ થઈ ગયા. તાળીઓનો ગડગડાટ થયો. શાબાશીનો પોકાર થયો. બાદશાહે ઇનામ આપ્યું.

બળદ પાછો જતો હતો. એક છોકરો ત્યાં ઊભો હતો: નાનો દસ-અગિયાર વર્ષનો. તેણે કાંકરી ઉપાડી ને બળદ ઉપર ફેંકી. છોકરો ખુશ થઈ ગયો ને માથા પરની મેલી ટોપી ઇનામ તરીકે ફેંકી; જાણે મોટો સાફો આપતો હોય એવી ઢબે ફેંકી; એવા સંતોષથી ફેંકી!

મેદની આખી જોઈ રહી. બાદશાહની પણ નજર પડી. આ છોકરો કોણ? ને બળદ પર ટોપી શા માટે ફેંકી?

બાદશાહે તેને પાસે બોલાવ્યો ને પૂછ્યું: "અલ્યા છોકરા! બળદ પર ટોપી કેમ ફેંકી?"

"જનાબ! ઇનામ તરીકે."

"શાનું ઇનામ?"

"બરાબર વેશ કાઢ્યો એનું. મારી પરીક્ષામાં એ પાસ થયો."

"તારી પરીક્ષા વળી કેવી?"

"મેં એ વેશ બરાબર છે કે નહિ તે તપાસી જોયું."

"કેવી રીતે?"

"એક કાંકરી મારીને."

"તેમાં શું જાણ્યું?"

"એમ છે કે જ્યારે મેં કાંકરી નાખી ત્યારે બળદે ચામડીને થરકાવી. ઢોરનો એવો રિવાજ છે કે ચામડીને કંઈક અડે એટલે તે થરકાવે. અને પછી મેં નક્કી કર્યું કે આ વેશ સાચો થયો છે."

"એટલે?"

"જો એને બરાબર ખેલ કરતાં ન આવડતું હોત તો ચામડી થરકાવત નહિ. સૌથી અઘરું કામ એ છે."

બાદશાહ આટલા નાનકડા છોકરા સામે જોઈ રહ્યો.

બાદશાહ કહે: "પણ આવી સડેલી ને મેલી ટોપીનું ઇનામ આપ્યું એમાં એનું શું વળશે?"

છોકરો કહે : “ જનાબ ! એમાં ટોપીની કિંમત નથી. મારી પરીક્ષાની અને એની આવડતની કિંમત છે. સાચી પરીક્ષા કરીને પાઈ આપીએ તો યે લાખ રૂપિયા બરાબર છે. ને વગર સમજ્યે લાખ રૂપિયા આપીએ તો યે તે કોડી બરાબર છે. ”

બાદશાહ કહે : “ છોકરા ! તારું કહેવું તો સાચું છે. તું શું કરે છે ? ”

છોકરો કહે : “ ખાઈ પીને મજા કરું છું. ”

બાદશાહ કહે : “ ત્યારે મારી નોકરીમાં રહીશ ? મારી પાસે રહેવું, ને ખાવું પીવું ને મજા કરવી. ”

છોકરો કહે : “ ભલે સાહેબ ! ”

બાદશાહે એ ચતુર છોકરાને પોતાની પાસે રાખી લીધો.

આ ચતુર છોકરો બીજો કોઈ નહિ પણ બાદશાહ અને બીરબલની વાતોમાંનો બીરબલ પોતે. બીરબલ નાનપણથી જ હોશિયાર હતો.

# બહુરૂપી

બાદશાહની બેગમને બહુરૂપીના ખેલનો ઘણો શોખ લાગ્યો હતો.

એક દિવસ બેગમ કહે : "બહુરૂપી વાઘનો વેશ કાઢે તો જોવાની મજા પડે."

બહુરૂપી કહે : "પણ આપ નામદારની સામે બરાબર વેશ નીકળવો જોઈએ. બરાબર ન થાય તો આપ રીઝો નહિ ને વાઘ પોતાનો ભાવ ન ભજવે એવું બને પણ નહિ."

બેગમ કહે : "એટલે ?"

"એટલે એમ, કે વાઘનો વેશ છે; વખતે વાઘ જોસમાં આવી જાય ને માણસને ઇજા પણ કરી બેસે. વાઘ એક વાર જાત પર જાય તો પછી થઈ રહ્યું."

બેગમ કહે : "એમાં શું ? તો ભલે માણ-

સને ઇજા કરી બેસતો.

બેગમના મનમાં એમ કે માણસ વાઘનો વેશ ભજવતાં તે કેટલીક ઇજા કરી શકવાનો છે? તેના મનમાં કશો જ ભય ન હતો.

હમેશ મુજબ ખેલ જોવા મેદની મળી. બાદશાહ અને બેગમ પધાર્યા; પેલો બીરબલ છોકરો પણ હાજર હતો.

વાઘનો વેશ આવ્યો. આબાદ વાઘ જેવી જ ચામડી, વાઘ જેવા જ નહોર, વાઘ જેવી જ જીભ ને વાઘ જેવી જ ચાલ.

વાઘ ચોકમાં ઊતર્યો એટલે નાનાં છોકરાં માની પડખે લપાઈ ગયાં, મોટાંઓની પણ છાતી ધડકવા લાગી. વાઘ રોફથી કેડ મરડતો મરડતો ચક્કરમાં ફર્યો, બરાડ્યો અને ઘુરર્ ઘુ કર્યું. લોકો બીકમાં હતા છતાં વાઘ જોવામાં તલ્લીન હતા. એટલામાં વાઘે એક છલંગ મારી; બીજી મારી ને ત્રીજી મારી ત્યાં તો એક માણસ પર તૂટી પડ્યો. માણસને ખેંચીને તેણે ચક્કરની વચ્ચે આણ્યો; અને જોતજોતામાં માણસને પંજા વડે લોહીલોહાણ કરી મૂક્યો

મેદનીમાં ભંગાણું પડ્યું. બેગમ તો ગભરાઈને બેભાન જ થઈ ગયેલી. તેનો સગો ભાઈ જ વાઘના પંજામાં આવી ગયો હતો ! પણ બેગમે તો સરત કરી હતી. બાદશાહને પણ કબૂલ જ કરવું પડ્યું કે ઉત્તમ ઇનામ તો મળવું જ જોઈએ. બહુરૂપીને ઇનામ આપ્યું ને તેને વિદાય કર્યો. બાદશાહ અને બેગમ મહેલે આવ્યાં; પણ બેગમનો શોક ઓછો થાય નહિ. તેને થયું કે એક વાર તો....

બીરબલ છોકરો ત્યાં હાજર જ હતો. કાં છોકરા ? આ બહુરૂપીએ તો ભારે કરી ! ખેલ તો કર્યો. પણ...."

બીરબર કહે : " ખરો ખેલ કરાવવો હોય તો એક ખેલ બાકી છે. આ ખેલ ખરી પરીક્ષા ન કહેવાય. આમાં તો કો'કનું મોત થયું. "

બેગમ કહે : " ત્યારે કરાવો બીજો ખેલ."

બાદશાહ અને બેગમ ખેલ જોવા પધાર્યાં. મેદની આખી ભરાઈ ગઈ.

બીરબલે કહ્યું : " આજે બાદશાહ ફરમાવે છે કે સતીનો વેશ કાઢો. " સાંભળતાં જ બહુ-

રૂપીના હાંજા ગગડી ગયા. સતીનો વેશ એટલે બળી મરવું, એટલે તો જીવના જવું.

પણ બહુરૂપી ખરો બહુરૂપી હતો. બહાદુર હતો. વાઘ થયો હતો ત્યારે તેને જીવ લેતાં વાર નહોતી લાગી, અને સતી થઈને જીવ દેતાં પણ ન અચકાયો.

તુરત જ તે વેશ કાઢવાની જગ્યાએ ગયો ને સતીનો વેશ લીધો. ઢોલનગારાં વગડાવ્યાં ને "જે અંબે, જે અંબે,!" કરતો હાથમાંથી કંકુ ખેરતો ચોક વચ્ચે આવીને ઊભો રહ્યો. સાચેસાચ જ જાણે સતી આવી. માથે પીળ હતી, ચૂંદડી ઓઢી હતી, મોં પર તેજ હતું.

લોકો પણ એકેએક સતી તરફ ખેંચાયા. નાનાં છોકરાંઓને લઈને માતાઓ પગે લગાડવા માંડી. સૌભાગ્યવતીઓ આશીર્વાદ લેવા દોડી. વાંઝણીઓ વરદાન લેવા આવી. સતીએ સૌને માથે હાથ મૂક્યા; સૌને રાતા કંકુના થાપા માર્યા, અને પછી મોટી જબરી ચિતા ખડકાવી. ધણી તો લડાઈમાં ગુજરી ગયો છે

સૌભાગ્યવતી=પતિ જીવતો હોય તેવી સ્ત્રી

એટલે શબ નથી, એમ કહી ઘાસનું શબ કર્યું અને પોતે ચિતા પર બેઠી. શબને ખોળામાં મૂક્યું અને પછી "જે અંબે, જે અંબે!" ના પોકાર થયા ને ઢોલનગારાં વાગ્યાં, અને હડહડ કરતી આગ ચિતામાંથી બળવા લાગી. બહુરૂપી અને શબ ઘડીકમાં સળગી ઊઠ્યાં.

લોકો "જે અંબે, જે અંબે!" કરતા પોતપોતાને ઘેર આવ્યા.

મહેલે આવી બેગમે બાદશાહને કહ્યું: "શાબાશ છે બહુરૂપીને! જીવ લઈ જાણ્યો ને પોતે દઈ પણ જાણ્યો. આવો બહુરૂપી ફરી વાર નહિ મળે!"

# ઉત્તમ બાલ-કિશોર સાહિત્ય

## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

| | | |
|---|---|---|
| બાળવાર્તાઓ ૧ થી ૫ ... ... | સેટના ... | ૧૦- |
| બાળલોકગીત સંગ્રહ ૧-૨ ... ... | ,, ... | ૨- |
| બાલસાહિત્ય માળા ( ૮૦ પુસ્તકો ) ... | ,, ... | ૪૦- |
| બાલસાહિત્ય ગુચ્છ ( ૨૫ પુસ્તકો ) ... | ,, ... | ૧૪- |
| બાલસાહિત્ય વાટિકા-૧ ( ૩૨ પુસ્તકો ) | ,, ... | ૪૨- |
| બાલસાહિત્ય વાટિકા-૨ ( ૧૬ પુસ્તકો ) | ,, ... | ૨૩- |

| | |
|---|---|
| કિશોર કથાઓ ૧-૨ ૪-૦૦ | ધર્માત્માઓનાં ચરિત્રો ૨- |
| રખડુ ટોળી ... ૪-૫૦ | ભગવાન બુદ્ધ ... (છપા |

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

| | | |
|---|---|---|
| મહાભારતનાં પાત્રો ( ૧૩ પુસ્તકો ) ... | સેટના ... | ૨૦- |
| રામાયણનાં પાત્રો ( ૬ પુસ્તકો ) ... | ,, ... | ૧૨- |
| હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧-૨ | ,, ... | ૫- |

| | |
|---|---|
| શ્રીમદ્ લોકભાગવત ૭-૫૦ | ભાગવતકથાઓ ૩- |

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

| | |
|---|---|
| સાગરસમ્રાટ ... ૩-૫૦ | પાતાળપ્રવેશ ... ૨-૫ |
| સાહસિકોની સૃષ્ટિ ૬-૦૦ | ખજાનાની શોધમાં ૨-૫ |

## પાંચ વિશિષ્ઠ ગ્રંથાવલિઓ

| | | |
|---|---|---|
| નગર ગ્રંથાવલિ...લે૦ ધીરજલાલ ગજ્જર ... | સેટના | ૮-૦ |
| જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ...લે૦ ગિરીશ ગણાત્રા | ,, | ૭-૫ |
| કમલ કિતાબ ( સચિત્ર ૧૦ પુસ્તકો ) ... | ,, | ૭-૫ |
| ટારઝન ૧ થી ૧૦...લે૦ શંકર શાહ ... | ,, | ૧૪-૫ |
| સાહસકથાઓ ( ૨૫ પુસ્તકો ) ... ... | ,, | ૭૦-૦ |

**આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨ અમદાવાદ-૧**

મુદ્રક શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ